સપ્ટેમ્બર-૨૦૨૩

# પેન્શનર્સ પ્રકાશ

Relationship has many meanings and connotations. It is important to understand this word contextually in terms of our life after retirement. We all have experienced, irrespective of the positions held by us in the Bank, that retirement is a great leveller. The day we retire, we are deprivedof the power that each individual used to enjoy or so we think! While the positions held by each individual may confer some rights on an individual, they come with a higher degree of responsibility while exercising those powers. During the entire career of 35-40 years, an individual must have interacted with at least, say 5000 customers and 1000 colleagues. Each interaction would have brought home some good amount of lessons for each one of us. Not everyone would be lucky to have ended up with pleasant interactions everytime! We were all in service industry dealing with people with different expectations of our role and we may not have been in a position to fulfil those expectations creating some unpleasantness or at times some bitterness. How did we “repair” such unpleasantness or bitterness? By initiating a dialogue with the concerned customer or even a colleague. If required, we would have even tendered unconditional apologies even if we have felt in the heart of our heart that we were not wrong under the given situation. We decided, in those moments of reckoning, to put our ego aside and behaved in a matured way.

After retirement we are much more free to behave the way we want to as there are no peer level or organisational pressure to “reconcile” or “apologise”. So, how do we tackle such delicate or tricky situations if we need to negotiate them. We are sure, in social or family set up, such situations may crop up more frequently. Can we develop an attitude of reconciliation in a rational manner to avoid bitterness in relationships? After all, unlike in professional situation, we are dealing with our own friends, family and relatives whose relationships are going to matter to us for at least next two decades! These will be the people who will come to our help in case of need and continue to provide us the very purpose of living. Unfortunately, it is observed that with the proliferation of social media, face-to-face interactions are receding giving a miss to “personal touch”. Expressions like “RIP” “TC” “GWS” abbreviations are used frequently (or even just emojis) to convey our feelings which at times prove to be irritating to those at the receiving end. If we can’t go personally (may not be able to go due to variety of genuine constraints), can we not pick up a phone or talk to the person to whom we want to convey our feelings? At least, the person at the other end of the phone may be having soothing effect on his nerves that a long time friend is just a phone call away. Similarly, in family situation, because we are spending more amount of time at home, we get to observe people around us more closely and so do they! At times, such observations bring to the fore, behavioural inconsistencies on the part of all in the family requiring some “inputs” from us or so we think! Such inputs may create a situation of unpleasantness or at times rift within the family. Whose duty is it to address such issues? It’s felt that the eldest in the family has a greater role to play in nurturing the relationship built over generations within the family. Our ego should not come in the way in repairing the relationship. A family dinner in a restaurant or if it’s felt that the damage done is deeper, then a family outing for a few days outside the “familiar” environment may do the trick in bringing back the relationship on an even keel. What is needed is to create higher level of awareness, empathetic and a non-judgemental approach to “close the deal” in order to be happy and make other happy who are in relationship with us. Let’s celebrate the moments of togetherness and make our living environment worthy ofhealthyrelationship.

**Kamal Kadri-Editor**

વર્ષ-૧૬ • અંક : ૦૯
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

• પ્રકાશન સ્થળ •
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ,ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

પ્રિય પેન્શનર્સ મિત્રો,

પેન્શનર્સ પરિવારના સદસ્યો એક બીજા સાથે પરસ્પર લાગણીના સંબંધોથી જોડાય અને સારા સંબંધો કેળવે જેથી જીવનને અર્થસભર બનાવી શકાય એ આપણો ધ્યેય છે.

હવે વાત કરીએ સંબંધોની...

સંબંધના ઘણા અનેકવિધ અર્થો થઈ શકે છે. નિવૃત્તિ પછીના આપણા જીવનના સંદર્ભમાં આ શબ્દને સમજવો જરૂરી છે.

આપણે બધાએ અનુભવ કર્યો છે કે બેંકની નોકરી દરમ્યાન આપણી પાસે ભલે ગમે તે હોદ્દો હોય, પરંતુ જે દિવસે આપણે નિવૃત્ત થઈએ છીએ તે દિવસથી આપણે ભોગવેલ તમામ સત્તાઓ વિહીન થઈ જઈએ છીએ. જે સત્તાઓનો વ્યક્તિ ખૂબજ જવાબદારીપૂર્વક ઉપયોગ કરતો હતો. જ્યારે દરેકને મળેલ હોદ્દાઓ વ્યક્તિને કેટલાક અધિકારો આપી શકે છે અને હોદાઓની સાથે મળેલ જવાબદારીનો પણ ખ્યાલ રાખે છે. આપણી ૩૫/૪૦ વર્ષની સમગ્ર કારકિર્દી દરમ્યાન, સત્તા અને પદ નીરૂએ રોજના ઘણાં ગ્રાહકો અને સહકર્મીઓ સાથે સંપર્કમાં આવ્યા હોઈએ છીએ. દરેકની પાસે અનુભવોનું ભાથુ પણ હોય છે. આપણે બધા સેવા ઉદ્યોગમાં આપણી ભૂમિકાની અલગ અપેક્ષાઓ ધરાવતા લોકો સાથે વ્યવહાર કરતા હતા અને તેમાં સારા-ખરાબ અનુભવો પણ થયા હોઈ શકે છે. જે મનને ખિન્ન/પ્રસન્ન કરી શકે છે કે જેને આપણે જરૂરી સંવાદ કે માફા-માફીથી સુધારી શકાય કે શક્યા હોત. પછી ભલે આપણને હૃદયમાં ચોટ લાગેલ હોય.

આપણે આવી અપ્રિય ઘટના કે કડવાશને કેવી રીતે “સુધારી” શકાય? આ માટે સંબંધિત ગ્રાહક અથવા તો સહકર્મી સાથે સંવાદ કરવા જોઈએ અને જો જરૂરી હોય તો આપણે બિનશરતી માફી પણ માંગી લેતા, પછી ભલે આપણે માનતા હોઈએ કે સદર પરિસ્થિતિમાં આપણે ખોટા ન હતા. પરંતુ આપણી ગણતરીની તે ક્ષણોમાં, આપણા અહંકારને બાજુએ મુકીને પરિપક્વ રીતે વર્તવાનું મુનાસિબ માન્યું હતું.

નિવૃત્તિ પછી આપણે સૌ જે રીતે ઇચ્છીએ છીએ તે રીતે વર્તવા માટે વધુ સ્વતંત્ર છીએ કારણ કે “સમાધાન” અથવા “માફી માંગવા” માટે કોઈ ડર કે સંસ્થાકીય દબાણ નથી. તેથી, જો આપણે તેમની સાથે વાટાઘાટો કરવાની જરૂરી હોય તો આપણે આવી નાજુક અને મુશ્કેલ પરિસ્થિતિઓનો કેવી રીતે સામનો કરી શકીએ. આપણને ખાતરી છે કે, સામાજિક અથવા પારિવારિક સમાજ વ્યવસ્થામાં, આવી પરિસ્થિતિઓ ઘણીવાર ઉભી થઈ શકે છે, સંબંધોમાં કડવાશ ન આવે તે માટે શું આપણે તર્કસંગત રીતે સમાધાનનો અભિગમ કેળવી શકીએ? છેવટે, વ્યવસાયિક પરિસ્થિતિથી વિપરીત, આપણે આપણા પોતાના મિત્રો, કુટુંબીજનો અને સંબંધીઓ સાથે વ્યવહાર કરી રહ્યા છીએ. જેમના સંબંધો ઓછામાં ઓછા આગામી બે દાયકાઓ સુધી આપણા માટે મહત્વપૂર્ણ છે! તો શું આપણે ફોન કરીને જેની સાથે આપણે આપણી લાગણીઓ વ્યક્ત કરવા માંગીએ છીએ તેની સાથે વાત ન કરી શકીએ? આમ કરવાથી ઓછામાં ઓછું, ફોનના બીજા છેડા પરની વ્યક્તિ પર સુખદ અસર કરી શકે છે કે લાંબા સમયથી મિત્ર છે તે માત્ર મારાથી એક ફોન કોલ દૂર છે. તેવી જ રીતે, કૌટુંબિક પરિસ્થિતિમાં આપણે ઘરે વધુ સમય વિતાવીએ છીએ, આપણે આપણી આસપાસના લોકોને વધુ નજીકથી અવલોકન કરીએ છીએ અને તેઓ પણ આપણું અવલોકન કરે છે! કેટલીકવાર, આવા અવલોકનો, કુટુંબની દરેક વ્યક્તિની વર્તણૂંકની વિસંગતતાઓને આપણા તરફથી અમુક “ઈનપુટ”ની જરૂર પડે છે અથવા તો આપણે વિચારીએ છીએ કે આવા ઈનપુટ્સ અપ્રિય પરિસ્થિતિ અથવા ક્યારેક કુટુંબમાં અણબનાવ પેદા કરી શકે છે. આવા મુદ્દાઓ પર ધ્યાન આપવાની ફરજ દરેકની છે. જેથી કરીને ખુશ રહેવા અને આપણી સાથે સંબંધ ધરાવતા અન્ય લોકોને ખુશ રાખવા. ચાલો આપણે સર્વ એકતા સંપની ક્ષણોની ઉજવણી કરીએ અને આપણા સામાજિક વાતાવરણને સ્વસ્થ સંબંધ માટે લાયક બનાવીએ.

**કમાલ કાદરી-સંપાદક**


| 10 Year SIP PERFORMANCE (SIP@10,000/- Month) | | | |
|---|---|---|---|
| Scheme Name | Investment Value | Current Value | Return (%CAGR) |
| SBI Small Cap Fund | 12,00,000 | 42,33,416 | 24.14% |
| SBI Magnum MidCap Fund | 12,00,000 | 31,35,608 | 18.52% |
| SBI Contra Fund | 12,00,000 | 28,12,425 | 16.48% |
| SBI Large & Midcap Fund | 12,00,000 | 27,78,733 | 16.25% |
| SBI Magnum Global Fund | 12,00,000 | 26,52,377 | 15.37% |
| SBI Magnum Children Fund | | | |
| Invt Dt. 29/09/2020 | 1,00,000 | 2,42,000 | 48.91% |

AMARISH R SHAH (SBI RETIRED EMPLOYEE)
POOJA INVESTMENT & FINANCIAL CONSULTANCY
G/22,HEMKOOT BLDG.,NR. GANDHIGRAM RLY STATION, ASHRAM ROAD, AHD - 9.
(P) 079 - 26581394 (M) 9327008653 , 9978908869.
Contact for Mutual Funds, Company FDs, Capital Gain Bonds, Term Insurance & Medicalim.

*MUTUAL FUND INVESTMENT IS SUBJECT TO MARKET RISK.PLEASE READ OFFER DOCUMENT BEFORE INVESTING.

## અમદાવાદ મંથલી મિટીંગ





**એસબીઆઈ પેન્શનર્સ એસો.- અમદાવાદ** દ્વારા ઓગષ્ટ મહિનાની મંથલી મિટીંગ તા. ૨૩-૮-૨૦૨૩ના રોજ યોજાઈ જેમાં પેન્શનરો માટે સ્વસ્થ શરીર, સ્વસ્થ જીવન જીવવા માટેની માહિતી તેમજ ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને જરૂર પડ્યે ડો. યોગેશ વાઘેલા-એમ.ડી., આઈડીસીસીએમ એફએનવી (ક્રિટીકલ કેર) ની સુચના મુજબ ઈસીજી અને તેમની ટીમ દ્વારા **વિનામૂલ્યે હેલ્થ ચેકઅપ કાર્યક્રમ** યોજવામાં આવ્યો. સાથે બેન્કના આઈટીએસ ડિપાર્ટમેન્ટ એલ.એચ.ઓ અમદાવાદ દ્વારા **સિક્યુરીટી અવેરનેસ** અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતા.

## જન્મદિવસની ખુશીને સેવાકાર્ય દ્વારા યાદગાર બનાવીએ

દરેક વ્યક્તિના જીવનમાં જન્મદિવસની ઉજવણી એક ખુશીનો પ્રસંગ હોય છે. આવા ખુશીના પ્રસંગની ઉજવણીમાં સેવાના કાર્ય જોડાય તો ખુશીઓમાં અનેક ગણો વધારો થતો હોય છે. જન્મદિવસની ઉજવણીમાં ઘણાં બધા પેન્શનર્સ પરિવારના સભ્યો રૂ.૫૦૦/- કે તેથી વધુ રકમ પેન્શનર્સ એસોસીએશનને દાનમાં આપીને સેવાના કાર્યમાં સહભાગી થતા હોય છે અને આવા પૂણ્યકાર્ય કરવાનો આનંદની અનુભૂતિનો અહેસાસ કરતા હોય છે. આપણા પેન્શનર્સ એસોસીએશન દ્વારા જન્મદિવસ નિમિત્તે દાનમાં આવતી રકમ સમાજ સેવાના કાર્યમાં ઉપયોગ કરે છે. આવા સમાજોપયોગી કાર્યો વધુને વધુ થાય તે માટે ઓગષ્ટ મહિનામાં નીચે જણાવેલ પેન્શનર્સ મિત્રો દ્વારા પોતાના જન્મદિવસની ઉજવણીમાં રૂા. ૫૦૦/- કે તેથી વધુ રકમ દાનમાં આપીને પેન્શનર્સ એસોસીએશનની પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે.

જેઠાલાલ વડુકર (કેશોદ) તેઓ દર મહિને નિયમિતપણે ડોનેશન જમા કરાવે છે તેમની આ સેવાની પ્રવૃત્તિને પેન્શનર્સ એસોસીએશન દિલથી બિરદાવે છે અને તેમનું આ સેવાનું કાર્ય તમામ પેન્શનરો માટે પ્રેરણાદાયક છે.

| NAME DONATION | Amount |
|---|---|
| SUCHITA SURESH KOTHI | 10001 |
| ANANDKUVARBA BARIA | 2500 |
| BHARATSINH CHAUHAN | 1111 |
| PARESH M. PANDYA | 1001 |
| RAJENDRA T. JUVARIWALA | 1000 |
| LALIT K. PATEL | 1000 |
| UMESH D. VYAS | 1000 |
| ARUN KARNIK | 1000 |
| DILIP MAJMUDAR | 1000 |
| RAJU N. PADYA | 1000 |
| DILIP SONAWANE | 1000 |
| P.G. PARGHEE | 500 |
| RAVI SOLAKNI | 500 |
| A.K. BATHWAR | 500 |
| JETHALAL G. VADUKAR | 500 |
| MAHESH HARSHADRAI OZA | 500 |
| LALIT VERMA | 500 |
| NARESH PATHAK | 500 |
| PRADIP GHOTIKAR | 500 |


## સામાજિક સેવા



સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન ભાવનગર યુનિટ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી ભાવનગર સ્થિત મંદબુદ્ધિ બાળકોની શાળા "અંકુર"ના મનોદિવ્યાંગ બાળકોના લાભાર્થે તેમના દ્વારા બનાવેલ રાખડીઓ થકી તા. ૨૯-૦૮-૨૦૨૩ના રોજ એસબીઆઇ નિલમબાગ પરિસર ખાતે એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનના નેજા હેઠળ પેન્શનર્સ બહેનો દ્વારા સ્ટાફના ભાઈઓને રાખડી બાંધીને સામાજિક સમરસતા અને બંધુત્વની ભાવનાને વધુ મજબૂત કરવાનો રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમના ચીફ મેનેજર (એચઆર) શ્રી વેદ સાહેબ, ડીજીએસ શ્રી રાજેન્દ્રભાઈ સલોત, તથા યુનિયન અને એસોસીએશનના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

---



## અભિનંદન

પોરબંદર નિવાસી સ્ટેટ બેંકમાં વર્ષો સુધી ફરજ બનાવનાર બેંકના નિષ્ઠાવાન કર્મચારી લો-પ્રોફાઈલ, અતિશાંત-સરળ-સૌમ્ય-મિલનસાર-સીધાસાદા એવા મળવા જેવા માનવી, જાણીતા રેતી ચિત્ર કલાકાર શ્રી નટુભાઈ ગરચરની વર્ષોની કલાસાધનાનો વિસ્તૃત પરિચય સૌરાષ્ટ્રના ૧૦૦ વર્ષ જુના લોકપ્રિય વર્તમાન પત્ર ફૂલછાબમાં પ્રસિદ્ધ થયેલ છે. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન તરફથી શ્રી નટુભાઈ ગરચરને હાર્દિક અભિનંદન.

---



## અભિનંદન

શતકવીર રક્તદાતા **શ્રી હિમાશું ભટ્ટ** દ્વારા તેમના ૬૫માં જન્મદિવસે ૧૬૮મું રક્તદાન તા. ૨૪-૦૯-૨૦૨૩ના રોજ કાંકરીયા ખાતેના રક્તદાન શિબિરમાં કરવામાં આવ્યું. શ્રી હિમાશું ભટ્ટે ૧૧૦ રક્તદાન શિબિરનું આયોજન પણ કરેલ છે. તેમને એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

---

## વિશિષ્ટ સન્માન







ફેડરેશન ઓફ ઓલ બેન્કસ રિટાયરીઝ એસોસીએશન સ્ટેટ કમિટી ઓફ એઆઈબીઆરએફ-ગુજરાતની છઠ્ઠા ત્રિવાર્ષિક અધિવેશન તા. ૨૩-૯-૨૦૨૩ના રોજ જે. બી. ઓડીટોરીયમ, એએમએ-અમદાવાદ ખાતે યોજાઈ ગયું. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીનું વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરીને સન્માન કરવામાં આવ્યું. શ્રી કાદરીએ પ્રવર્તમાન સંજોગોમાં પેન્શનરના પ્રશ્નોની વિષદ છણાવટ કરી. જેથી ઉપસ્થિત ઉપરોક્ત સંસ્થાના તમામ પેન્શનરોમાં એક જોશ અને ઉમંગ જોવા મળ્યો.



## વડીલ વંદના

એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન રાજકોટ યુનિટ દ્વારા વડીલ વંદનાના કાર્યક્રમના ભાગરૂપે ત્રણ વડીલોનું સન્માન કરવામાં આવ્યું જેમાં પ્રથમ ટ્રેડ યુનિયનના પ્રહરી, દુરંદેશી વિચારધારા ધરાવનાર શ્રી સામંતભાઇ પટગિર બાપુની અવિસ્મરણિય સેવાઓને ધ્યાનમાં લઇ બા-સાહેબા અને પરિવારજનો પાસે જઇને શ્રદ્ધાસુમનની અંજલિ આપી મરણોત્તર સન્માનની લાગણી અને ભાવ રજુ કર્યા. તેવી જ રીતે ઓફિસર એસોસીએશનના ડીજીએમ તરીકે દિલદાર નિડર, હિંમતવાન અને કુનેહ ધરાવનાર નિવૃત્ત અધિકારી શ્રી હેમંતભાઇ ઘોરડા સાહેબની મરણોત્તર સન્માન તેમના પરિવારને ત્યાં જઇ કરવામાં આવ્યું અને એસબીઆઇપીએના ડિજીએસ તરીકે સુકાન સંભાળી ટીમવર્કથી સૌનો પ્રેમ સંપાદન કરનાર શ્રી પ્રભુદાસભાઇ વિઠ્ઠલાણીએ નાદુરસ્ત તબિયત અને વધતી ઉંમરના કારણે સક્રિય સેવામાંથી નિવૃત્તિ લીધી. શ્રી વિઠ્ઠલાણીભાઇની પરિવાર સાથે મળી દીર્ઘ આયુષ્ય અને તંદુરસ્તીની શુભકામનાઓ પાઠવવામાં આવી. આમ રાજકોટ યુનિટની આ પહેલમાં ડીજીએસ શ્રી શરદચંદ્ર દવે, સર્વશ્રી પુરૂષોત્તમભાઇ મંગલપરા, શિરીભાઇ કચ્છી, જીતેન્દ્રભાઇ ગણાત્રા, વડીલ ગણાત્રા સાહેબ, માધવજી તાજપરા, મહેન્દ્રભાઇ ગાંધી, કનેરીયાભાઇ અને સર્વદા હકારાત્મક પ્રેરકબળ તરીકે રહેલા શ્રી અનુપમભાઇ દોશી અને શ્રી કમલેશભાઇ પંડ્યાની આગેવાનીમાં ઉપરોક્ત વડીલ વંદના કાર્યક્રમ યોજાઇ ગયો.









એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન સુરત યુનિટ દ્વારા ૯૦ વર્ષ ઉપરના વડીલ પેન્શનર શ્રી હર્ષદરાય એ. મહેતા (ઉંમર વર્ષ-૯૧) તથા શ્રી હરેન્દ્ર સી. સરૈયાનું (ઉંમર વર્ષ-૯૮) સુરત એડમીનના ડીજીએમ શ્રી દિપક ચંદેલ સાહેબ અને એસબીઆઇપીએના ડીજીએસ શ્રી આર. આર. દેસાઇ, શ્રી અશ્વિનભાઇ રાઠોડ-સીસીએમ-સુરત રિજિયન, શ્રી જોરસંગ પરમાર-સીસીએમ-ભરૂચ રિજિયન અને એમની ટીમ દ્વારા એમના નિવાસ સ્થાને જઇ અભિવાદન કરવામાં આવ્યું.

એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન-અમદાવાદ સર્કલના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, ઉપપ્રમુખ શ્રી પી.જી. પારઘી, જો.જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણભાઇ વાઘેલા, કાન્તીલાલ પરમાર, ખજાનચી શ્રી રવી સોલંકી દ્વારા શ્રી રાજાણી સાહેબના નિવાસ સ્થાને જઇ તેમનું અભિવાદન કરવામાં આવ્યું અને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે શુભકામના પાઠવવામાં આવી.



## સમાધાન પખવાડા (તા. ૦૪-૦૯-૨૦૨૩થી ૧૬-૦૯-૨૦૨૩)







ઘણા સમયથી પડતર પ્રશ્નોના નિકાલ માટે પેન્શનર્સ એસોસીએશનના અથાગ પ્રયત્નોના ફળસ્વરૂપ સમાધાન પખવાડાનું આયોજન કોર્પોરેટ ઓફિસ દ્વારા કરવામાં આવ્યું. અમદાવાદ સર્કલમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ગાંધીનગર અને હેડ ઓફિસ-અમદાવાદ ખાતે જુદી જુદી તારીખોએ સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવ્યું. દરેક એડમિનમાં પેન્શનરોએ પોતાના વણઉકલ્યા પ્રશ્નો રજૂ કર્યા. દરેક એડમિન ઓફિસમાં સમાધાન પખવાડાના કાર્યક્રમમાં બેંક તરફથી ડીજીએમ અને તેમની ટીમ સાથે એસબીઆઈ પેન્શનર્સ એસો.ના સ્થાનિક હોદ્દેદારો સાથે અમદાવાદ સર્કલ ઓફિસ ખાતેથી હોદ્દેદારો ઉપસ્થિત રહીને કાર્યક્રમના ઉદ્દેશને ચરિતાર્થ કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. દરેક એડમિન ઓફિસ ખાતે યોજાયેલ સમાધાન પખવાડાની વિગત નીચે પ્રમાણે છે.

તા. ૦૬-૦૯-૨૦૨૩ના રોજ બપોરે ૩.૩૦થી ૫.૩૦ દરમિયાન વડોદરા અને સુરત એડમિન ઓફિસ ખાતે સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવેલ. વડોદરા ખાતે આપણા એસો.ના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી અને ઉપપ્રમુખ શ્રી સુભાષ પટેલ પોતાની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. પોતાના પ્રશ્નો સાથે પેન્શનરો પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ચોક્સી સાહેબે ડીજીએમને શ્રી વિજયકુમાર દિપક સાહેબને ઉદ્દેશીને પડતર પ્રશ્નોની ઝીણવટભરી રજુઆત કરી હતી. ડીજીએમ દ્વારા તમામ પડતર પ્રશ્નોનો ઝડપી નિકાલ માટે ખાત્રી આપી હતી.




સુરત એડમિન ઓફિસ ખાતે સમાધાન પખવાડામાં ડીજીએમ શ્રી દિપક ચંદેલ સાહેબ દ્વારા આપણા વાઈસ પ્રેસીડેન્ટ શ્રી પી. જી. પારઘી, ડીજીએસ શ્રી આર. આર. દેસાઈનું સ્વાગત કર્યું અને જે કોઈ પ્રશ્નો હોય તેના તાત્કાલિક નિકાલ કરવાની મેનેજર એચ.આર.ને સુચના આપી. ચિફ મેનેજર શ્રી ભલ્લા સાહેબ, શ્રી અમરીષ હાથી, શ્રી અરવિંદ બથવારે કેસ-ટુ-કેસ રજુ કર્યા. શ્રી જોરસંગભાઈ પરમાર કારોબારી સભ્ય-ભરૂચ, શ્રી અશ્વિન રાઠોડ કારોબારી સભ્ય-સુરત વગેરે પણ હાજર રહ્યા હતા. જરૂર જણાય ત્યાં ડીજીએમ સાહેબ અને શ્રી પી. જી. પારઘીએ દરમિયાનગીરી કરી કેસનો સુખદ નિકાલ થાય તેવા સુચનો કર્યા. દરેક રિજીયનના મેનેજર એચ.આર. અને પચાસેક પેન્શનરોએ આ પ્રસંગે હાજરી આપી હતી.












તા. ૧૨-૦૯-૨૦૨૩ના રોજ અમદાવાદ અને ગાંધીનગર એડમિન ઓફિસ ખાતે સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવેલ. અમદાવાદ એડમિન ઓફિસ ખાતે ડીજીએમ શ્રી મિથીલેસકુમાર અને પીપીજી એજીએમ શ્રી સુબ્રતા રંજનદાસ, સી.એમ. એચ.આર. સુબોધ પાન્ડે વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પેન્શનર્સ એસો. તરફથી જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, ઉપપ્રમુખ શ્રી પી.જી.પારઘી, જો.જનરલ સેક્રેટરી સર્વશ્રી કાન્તીલાલ પરમાર, રમણભાઈ વાઘેલા, ખજાનચી શ્રી રવી સોલંકી કમિટી સદસ્ય સર્વશ્રી અમરીષ હાથી, અરવિંદ બથવાર, આર. વી. મકવાણા, દિનાઝબેન કલવચવાલા, ત્યાગરાજન વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીજીએ પેન્શનર્સના પડતર પ્રશ્નો જેવા કે ટાટા-૧ એમજીમાં દવા મેળવવામાં પડતી મુશ્કેલી, મેડીકલની પોલિસીમાં ઘણાં પેન્શનરોને રક્ષા ટીપીએના આઇ-કાર્ડ હજુ સુધી મળેલ નથી. ડિસેબલ્ડ ચાઈલ્ડમાં નવી ગાઈડલાઈન પ્રમાણે પડતી મુશ્કેલીઓ, ઈ-એસબીએસના મેડીકલના ક્વોટાની લિમિટ ૫૦,૦૦૦/-થી વધારી ૧ લાખ કરવા ભલામણ કરી હતી. સાતમા, દસમા અને અગિયારમા વેજ રીવીજનમા સ્ટેગ્નેશન ઈન્ક્રિમેન્ટ બાબતે પણ રજુઆત કરી. આ મિટીંગમાં કુલ ૬૯ પેન્શનરોએ હાજર રહી પોતાના પ્રશ્નોની રજુઆત કરી હતી. જેને ડીજીએમ સાહેબે મેનેજર એચ.આર. તમામ પડતર પ્રશ્નોનો ઝડપી નિકાલ માટે સુચના આપી હતી. આમ સુમેળભર્યા વાતાવરણમાં મિટીંગ સંપન્ન થઈ હતી.





ગાંધીનગર એડમિન ઓફિસના ડીજીએમશ્રી દેબેન્દ્ર સાહુ સાહેબની અધ્યક્ષતામાં મિટીંગ મળી હતી. જેમાં એસબીઆઈપીએ-માંથી ઉપપ્રમુખશ્રી ચિંતકભાઈ પટેલ અને જો.જન. સેક્રેટરી શ્રી ગુણવંતભાઈ પટેલ, ડે. જનરલ સેક્રેટરી શ્રી વસ્તાભાઈ વણકર, કારોબારી સભ્ય શ્રી શૈલેષ જોષી, પીપીજીમાંથી નરેશભાઈ બ્રહ્મભટ્ટ તથા ચિફ મેનેજર એચ.આર. શ્રી સુબોધ પાંડે ઉપસ્થિત રહેલ. કુલ ૨૫ પેન્શનર્સ હાજર રહેલ અને મુદ્દાસર રજુઆત કરી હતી. ડીજીએમ શ્રી સાહુસાહેબ અને એબીઆઈપીએ વતી શ્રી ચિંતક પટેલ અને શ્રી ગુણવંત પટેલ પેન્શનર્સની રજુઆતને પરિપૂર્ણ કરવા તત્પરતા દાખવી હતી. મિટીંગમાં દેબેન્દ્ર સાહુ સાહેબે એસબીઆઈપીએને ઓફિસ માટે જગ્યાની ફાળવણીની જાહેરાત કરીને સૌને પ્રોત્સાહિત કર્યા. ઉપસ્થિત સૌ કોઈએ ડીજીએમ સાહેબનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ.

તા. ૧૪-૦૯-૨૦૨૩ના રોજ ભાવનગર અને રાજકોટ એડમિન ઓફિસ ખાતે સમાધાન પખવાડાનું આયોજન થયેલ. ભાવનગર ખાતે ડીજીએમ શ્રી અજીતકુમાર, મેનેજર એચ.આર., મેનેજર પીપીજીની સાથે પેન્શનર્સ એસો.માંથી જો.જન. સેક્રેટરી શ્રી ગુણવંત પટેલ, ઉપપ્રમુખશ્રી ચિંતકભાઈ પટેલ, સહ-ખજાનચી શ્રી જગત પટેલ, ડીજીએસ શ્રી રાજેન્દ્ર સલોત સાથે કમિટી સદસ્ય સર્વશ્રી ભરત ભટ્ટ, દુસેજા, ભાસ્કર રાઠોડ, નરેન્દ્ર જોષી તથા એ. એમ. ચૌહાણ, ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત પેન્શનરોએ પોતાના પડતર પ્રશ્નો રજુ કર્યા હતા. જેને ડીજીએમ તેમજ જો.જન. સેક્રેટરી શ્રી ગુણવંત પટેલે પેન્શનર્સની રજુઆતને પરિપૂર્ણ કરવા તત્પરતા દાખવી હતી.









રાજકોટ એડમિન ઓફિસ ખાતે યોજાયેલ સમાધાન પખવાડામાં એજીએમ શ્રી ઐયર સાહેબ, શ્રી નિરજ જોષી હાજર રહ્યા હતા. ડીજીએમ શ્રી આશુતોષ શર્મા સાહેબ, ભૂજ એજીએમને બ્રેઈન સ્ટ્રોક આવતાં મેડીકલ ટ્રીટમેન્ટ જલ્દી મળી રહે તે હેતુસર ભૂજ પ્રયાણ કરેલ. મેનેજર એચ.આર., મેનેજર પીપીજી, એસબીઆઈપીએમાંથી જન. સેક્રેટરીશ્રી કમાલ કાદરી, ઉપપ્રમુખશ્રી પી. જી. પારઘી, જો.જન. સેક્રેટરી શ્રી રમણભાઈ વાઘેલા, ડીજીએસ શ્રી શરદચંદ્ર દવે, કમિટી સદસ્ય શિરીષભાઈ કચ્છી, શ્રી પુરૂષોત્તમભાઈ મંગલપરા, શ્રી અનુપમભાઈ દોશી, શ્રી દક્ષિણ જોષી, જામનગરના કારોબારી સભ્ય શ્રી કુંભારાણા, કારોબારી સભ્ય શ્રી અરવિંદ બથવાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત પેન્શનરોએ પોતાના પડતર પ્રશ્નો રજુ કર્યા હતા. જન. સેક્રેટરીશ્રી કમાલ કાદરીએ પણ વિવિધ પ્રશ્નોની રજુઆત કરી હતી. જેને ડીજીએમ શ્રી આશુતોષ શર્મા સાહેબ એ મેનેજર એચ.આર.ને ઝડપથી નિરાકરણ લાવવા સુચના આપી હતી. આમ સુમેળભર્યા વાતાવરણમાં સમાધાન પખવાડાની મિટીંગ પૂર્ણ થઈ હતી.




તા. ૧૫-૦૯-૨૦૨૩ના રોજ હેડ ઓફિસ અમદાવાદ ખાતે સ્ટાફ કેન્ટીનમાં બીજા માળે સમાધાન પખવાડાની મિટીંગ યોજાઈ હતી. જનરલ મેનેજર નેટવર્ક-૧ શ્રી શૈલેષ ઉન્નીથનસાહેબ, ડીજીએમ અને સીડીઓ શ્રી વિક્રમ ઝા સાહેબ, એજીએમ-પીપીજી શ્રી સુબ્રતા રંજનદાસ, સીએમએચઆર તથા તેમની ટીમની સાથે એસબીઆઈપીએમાંથી પ્રમુખશ્રી આર. એન. ચોક્સી સાહેબ, જન. સેક્રેટરી શ્રી કમાલ કાદરી, ઉપપ્રમુખ સર્વશ્રી પી.જી. પારઘી, ચિંતક પટેલ, જો.જન. સેક્રેટરી સર્વશ્રી કાન્તીલાલ પરમાર, ગુણવંત પટેલ, અને કમિટી સદસ્ય સર્વશ્રી અમરીષ હાથી, આર. વી. મકવાણા, રાજુભાઈ શાહ, અરવિંદ બથવાર, શ્રીમતી દિનાઝબેન કલવચવાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત પેન્શનરોએ પોતાના પ્રશ્નોની રજુઆત કરી હતી. જન. સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પેન્શનરોના વિવિધ પ્રશ્નોમાં પડતી મુશ્કેલીઓની વિગતવાર રજુઆત કરી હતી. જેને જન.મેનેજરશ્રી શૈલેષ ઉન્નીથન સાહેબે એજીએમ-પીપીજી, મેનેજર એચ.આર. વિગેરેને તમામ પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે સુચના આપી હતી અને પેન્શનરોના માન-સન્માન માટે તમામ શાખાઓમાં પત્ર દ્વારા સુચના આપવા માટે સુચવ્યું હતું. એસબીઆઈ પેન્શનર્સ એસો.ની સતત રજુઆતને ધ્યાનમાં લઈ કોર્પોરેટ સેન્ટર દ્વારા દર ત્રણ મહિને રિજીયન લેવલે પણ સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવશે.

## પ્રભુશરણ

| પી.એફ.નં. | નામ | સેન્ટર | મોબાઈલ |
|---|---|---|---|
| ૫૧૮૬૫૨ | મફતલાલ બાબુલાલ ડોડીયા (સ્વ. ૨૬-૮-૨૦૨૩) | ભાવનગર | ૯૮૯૮૭૨૭૩૨૧ |
| ૨૮૮૦૧૦૫ | દિનેશચંદ્ર છગનલાલ સરવૈયા (સ્વ. ૨૯-૮-૨૦૨૩) | અમરેલી | ૯૪૨૮૦૪૦૯૦૫ |
| ૫૨૨૫૫૨૪ | ડાહીબેન હમીરભાઈ પડાયા (સ્વ. ૩૦-૮-૨૦૨૩) | ભાવનગર | ૮૨૦૦૯૪૦૫૨૫ |
| ૮૨૭૯૨૮૪ | પ્રદીપકુમાર અનંતરાય ભટ્ટ (સ્વ. ૯-૯-૨૦૨૩) | ભાવનગર | ૯૯૯૮૮૫૩૫૮૮ |
| ૧૭૨૮૫૨૦ | પાર્વતી જસવંતભાઈ રાઠોડ (સ્વ. ૨-૯-૨૦૨૩ જસવંતભાઈ રાઠોડના પત્ની) | નવસારી | ૯૪૦૯૪૧૮૬૮૪ |
| | શામજીભાઈ ગોવિંદજી ગોહિલ (સ્વ. ૧૭-૮-૨૦૨૩) | જામનગર | ૯૪૨૭૭૭૪૬૨૯ |
| | વિદ્યાબેન ગિરધરભાઈ અટારા (સ્વ. ૨૦-૮-૨૦૨૩) (જી. એલ. અટારાના ધર્મપત્ની) | જામનગર | |

**પ્રભુ સર્વે સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**



**લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા, કારણ કે સફળતા શરમથી નહીં સાહસથી જ મળશે.**

## હોસ્પિટલમાં એડમિટ થતા પહેલાની જરૂરી સુચના

હોસ્પિટલમાં એડમિટ થાવ ત્યારે સૌ પ્રથમ અગત્યતા પોતાની/સ્પાઉસની મેડીકલ ટ્રીટમેન્ટને આપવી જરૂરી છે. ત્યાર બાદ રક્ષા ટીપીએના મેનેજરને જાણ કરી દેવી. જો આપણી પાસે સમય ન હોય તો આપણા સગાને મેઈલ કરવા જણાવવું. જો પ્લાન ઓપરેશન હોય તો રક્ષા ટીપીએને પહેલેથી જાણ કરવી હિતાવહ છે.

**(1) cashlessbaroda@rakshatpa.com**
**(2) cashlessahmedabad@rakshatpa.com**
**(3) intimationahmedabad@rakshatpa.com**
**(4) crcm@rakshatpa.com**

હોસ્પિટલમાંથી રજા આપ્યા પછી ૩૦ દિવસની અંદર બીલ મુકી દેવું અને પોસ્ટ હોસ્પિટલાઈઝેશન માટે અલગથી બીલ મુકવું. (રિએમ્બર્સમેન્ટ હોસ્પીટલાઈઝેશન પછી ૯૦ દિવસ સુધી મુકવાનું હોય છે પરંતુ બને તો છેલ્લા સમય સુધી રાહ ન જોવી.)

મેઈલ મોકલવાના સમયે ચાલુ સમયના ઈન્સ્યોરન્સ કાર્ડની કોપી (દર્દીનું કાર્ડ) જોડવું.

**1. Name of Hospital 2. Date of Hospitalisation 3. Name of Patient 4. Cause of Hiospitalisation 5. P. F. No.** **ઉપરની વિગતો સાથે મેઈલ કરવો.**

**વધુ વિગત માટે નીચે આપેલા નંબર ઉપર ફોન કરવો.**

૧) અમદાવાદ (કોમલ તેહારીયા) : ૭૨૨૮૯ ૩૦૪૩૮
૨) ગાંધીનગર (હિમાની પંડ્યા) : ૭૨૨૮૯ ૩૦૪૩૯
૩) ભાવનગર (નરેશ ભોજ) : ૭૨૨૮૯ ૩૦૪૩૪
૪) સુરત (નિરૂપમા) : ૭૨૨૮૯ ૩૦૪૩૬
૫) વડોદરા (હર્ષ બ્રહ્મભટ્ટ) : ૭૨૨૮૯ ૩૦૪૩૭
૬) રાજકોટ (વિપુલા નાનગ્રેહ) : ૭૨૨૮૯ ૩૦૪૩૫

| DA Rate for Pensioners (%) till JAN 2024 [Increase of 44 Slabs] |
|---|
| AFTER IMPLEMENATION OF 100% DA TO PRE-2002 RETIREES ALSO |
| Retired prior to 01.11.1992 - 2070 slabs over 600 points<br>**For the entire Basic Pension Amount 1386.90%**<br>*PLUS Ex-gratia Rs.800 for Basic Rs.1,250 or Less*<br>*Rs.450 for Basic Rs.1,251 to Rs.2,000* |
| After 01.11.1992 upto 31.03.1998 - 1933 slabs over 1148 points<br>**For the entire Basic Pension Amount 676.55%**<br>*PLUS Ex-gratia Rs.800 for Basic Rs.2,400 or Less*<br>*Rs.450 for Basic Rs.2,401 to Rs.3,850* |
| After 01.04.1998 upto 31.10.2002 - 1799 slabs over 1684 points<br>**For the entire Basic Pension Amount 431.76%**<br>*PLUS Ex-gratia Rs.800 for Basic Rs.3,350 or Less*<br>*Rs.450 for Basic Rs.3,351 to Rs.5,650* |
| Retired on or after 01.11.2002 - 1648 slabs over 2288 points<br>**For the entire Basic Pension Amount 296.64%** |
| Retired on or after 01.11.2007 - 1511 slabs over 2836 points<br>**For the entire Basic Pension Amount 226.65%** |
| Retired on or after 01.11.2012 - 1110 slabs over 4440 points<br>**For the entire Basic Pension Amount 111.00%** |
| Retired on or after 01.11.2017 - 632 slabs over 6352 points<br>**For the entire Basic Pension Amount 44.24%** |

## ARTICLES OF ASSOCIATION AND MEMORANDUM OF ASSOCIATION

| Sr No. Existing Clause | Proposed Amendment | Rational |
|---|---|---|
| 2 LOCATION<br>The Registered Office of the Association shall be situated at Ahmedabad and address will be, State Bank of India Pensioners' Association, B/2, SBI Officers Bhaskar Flats, Nr. Swaminarayan Museum, Opp. Bhavin House, Mirambika Road, Naranpura, Ahmedabad-380013<br>(Tel No.27490608/27471307) | 2 LOCATION<br>The Registered Office of the Association shall be situated at Ahmedabad and address will be, State Bank of India Pensioners' Association, STATE BANK OF INDIA, 3rd Floor, Zonal Office, Ambawadi, Ahmedabad-380015 | 2 LOCATION<br>New Office space has been allotted by the State Bank of India |
| **RULES AND REGULATIONS** | | |
| 2 CLASS OF MEMBERS | | |
| 3 2 a) Life Members : Any person qualified to be a member by paying or having paid a sum of Rs.1,550/- in advance shall on the approval of the Executive Committee be a Life Member. Living spouse of the pensioner will be enrolled as Associate Member for lifetime at the time of registering pensioner as Life Member with additional payment of Rs.500/-. Such enrolled Associate Members will enjoy all rights of Life Membership only in the event of death of Life Member. | 2 a) Life Members:Any person qualified to be a member by paying or having paid a sum of Rs.4,050/- in advance shall, on the approval of the Executive Committee, be a Life Member. Living Spouse of pensioner will be enrolled as Associate Member for Lifetime at the time of registration. Such enrolled Associate Member will enjoy all rights of Life Membership only in the event of the death of the Member. Those family pensioners admitted on death of active member during service and eligible for pension as per SBI Service Conditions on paying or having paid a sum of Rs.2,550/- on the approval of the Executive Committee as Life Member. | To compensate for the increase in expenses due to inflationary pressure. |
| 3 SUBSCRIPTION, CONTRIBUTION AND DONATION | | |
| 4 3 1) Contribution: Member may be called upon by the EC to pay contributions in addition to the usual subscription to the Association to meet expenses. | 3 1) **Contribution:** Member may be called upon by the EC to pay contributions in addition to the usual subscription to the Association to meet expenses. | SI will not be mandatory. To give equal treatment to all members. Presently contribution SI of Rs. 20 p.m./ Rs. 240/- yearly/ Life time contribution. |

<table>
<tr>
<td>To maintain semblance of natural justice and to remove the discrimination between payer and nonpayer of the contribution by EC may not give the benefit of offering shawl, giving gift and memento, and proiding house magazine to the nonpayer of the contribution that may be called uponby the EC from time to time.</td>
<td>However,<br><br>Irrespective of Contribution by way of SI of Rs.20 p.m. / Rs.240/- p.a./ Life time Payment member will be eligible for contesting/proposing/seconding in election as well as for any felicitation being arranged by the Association.</td>
<td></td>
</tr>
<tr>
<td colspan="3">7 RIGHT AND OBLIGATION OF MEMBER</td>
</tr>
<tr>
<td>5 7 a) Every member shall have right to-offer himself for election to the executive committee or second the nomination of a candidate for election</td>
<td>7 a) Every member shall have right to-Offer himself/herself for election to the executive committee till he/she completes the age of 75 years as on the date of declaration of election by Election Committee and can contest in the election.<br><br>Member irrespective of age can propose/second for any post.</td>
<td>To give an opportunity to young retirees who can give new thoughts and better services to the members</td>
</tr>
<tr>
<td>8 8 A) The number of District Representatives will be as per formation of District Group(s). As and when new district(s) is/are created or the present one is/are abolished, the adjustment(s) be made by the Executive Committee. At present the District Groups are as under:<br><br>1. Ahmedabad-Gandhinagar<br>2. Kheda<br>3. Anand<br>4. Panchmahal/Dahod<br>5. Vadodara<br>6. Bharuch/Narmada<br>7. Surat/Tapi<br>8. Navsari<br>9. Valsad/Dang<br>10. Mehsana/Patan<br>11. Sabarkantha<br>12. Banaskantha<br>13. Rajkot<br>14. Junagadh/Porbandar<br>15. Surendranagar<br>16. Bhavnagar/Amreli<br>17. Jamnagar<br>18. Kutchh<br><br>In a District where the membership number is more than 250, the number of EC District Representatives will be decided by Executive Committee as 1 member per 150 in excess of 250 members. The minimum number of membership for deciding additional District Representative in excess of 250 shall be 100.</td>
<td>8 a) The number of District Representatives will be as per formation of District Group(s). As and when new district(s) is/are created or the present one is/are abolished, the adjustment(s) be made by the Executive Committee. The Districts/UTIs are as under:<br><br>1 Ahmedabad<br>2 Amreli<br>3 Anand<br>4 Aravalli<br>5 Banaskantha<br>6 Bharuch<br>7 Bhavnagar<br>8 Botad<br>9 Chhota Udaipur<br>10 Dahod<br>11 Dang<br>12 Devbhumi Dwarka<br>13 Gandhinagar<br>14 Gir Somnath<br>15 Jamnagar<br>16 Junagadh<br>17 Kheda<br>18 Kutch<br>19 Mahisagar<br>20 Mehsana<br>21 Morbi<br>22 Narmada<br>23 Navsari<br>24 Panchmahal<br>25 Patan<br>26 Porbandar<br>27 Rajkot<br>28 Sabarkanth<br>29 Surat<br>30 Surendranagar<br>31 Tapi<br>32 Vadodara<br>33 Valsad<br>34 UTI (Diu, Daman, and Dadra Nagar Haveli<br><br>Every District / UTI will have 1 EC Member up to 250 members and thereafter 1 additional EC member per 200 members.</td>
<td>Due to huge increase in the membership, it has become imperative to have representation from every corner of the Circle.</td>
</tr>
</table>

| | | | |
|---|---|---|---|
| 8 b | **The election committee will follow the undernoted procedure to conduct the election.**<br><br>Election at specified places like Ahmedabad, Baroda, Surat, Rajkot, Bhavnagar, and any other centers as decided by the Executive Committee shall be conducted on the same day at the same time.<br><br>Ballot papers shall be sent by post/ courier to the members at places other than the appointed places where spot voting may be decided by election committee. | **8 b The election committee will follow the undernoted procedure to conduct the election.**<br><br>Election of Office Bearers and EC Members can be conducted on the spot at the centers decided by the Executive committee or it can be online using digital media.<br><br>Ballot papers shall be sent by post/ courier to the members at places other than specified places where spot voting or otherwise may be decided by the Election Committee. Or it can be online using digital media. | To conduct the election procedure by adopting digital technology and to save cost and reduce time period from existing 90 days. |
| 11 | 8e Any member of Executive Committee shall cease to be a member of Executive Committee if. (Clause Not existing earlier) | 8e New Clause added as / (C) : Any Office Bearer/ Executive Committee member shall cease to be a member of Executive Committee on completion of 75 years of age. | To give an opportunity to young retirees who can give new thoughts and better services for the members |


આંખોની શ્રેષ્ઠ સંભાળ એટલે
તેજ આઈ સેન્ટર
TEJ EYE
CENTER
THE EYE HOSPITAL
SBI, eSBI પેન્શનર્સ અને તેમના Spouse ને નિ:શુલ્ક કન્સલટેશન
તેમજ સંપૂર્ણ કેશલેસ સુવિધા ઉપલબ્ધ
અનુભવી નિષ્ણાત ની ટીમ
આધુનિક ટેકનોલોજી અને સુવિધા
આંખની તમામ સારવાર એક જ છત નીચે
અમારી સેવાઓ
મોતિયા
ઝામર
રેટિના
ડાયાબિટીક રેટિનોપેથી
લેસિક (ચશ્માં ના નંબર ઉતારવાની સર્જરી)
કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ
ડ્રાય આઈની સંભાળ
બાળકો ના આંખો ની સારવાર
દરેક પ્રકાર ના આંખો ની સારવાર
અમદાવાદની શ્રેષ્ઠ આંખની હોસ્પિટલ TOI હેલ્થ સર્વે
૨૦ વર્ષમાં ૫ લાખથી પણ વધુ લોકોનો વિશ્વાસ
૫૦,૦૦૦ થી વધુ સફળ મોતિયાના ઓપરેશન
Google
4.8
એપોઈન્મેન્ટ બુક કરવા માટે
77780 57500
www.tejeyecenter.com
ગાંધીનગર | વિજય ચાર રસ્તા | ચાંદખેડા | મોડાસા
Follow us




*With Best Compliments*

*from*

## *Dr. Manjit Sing Bhalla*

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
દર ગુરુવારે
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
( અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત )
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• CATARACT • GLAUCOMA
• LASIK • RETINA
• CORNEA • OCCULOPLASTY
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ ડૉ. શ્યામલ રાવલ
ડૉ. આંશી રાઠોડ
સમય : સવારે 9.00 થી 12.00,
બપોરે 3.00 થી સાંજે 6.30 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન : ૯૮૨૪૦૮૬૬૧૧
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

(JCI) USA

Marengo CIMS Hospital

ACC International Centers Of Excellence

# સાંભળો વાત દિલની
## —કરો નિષ્ણાતો પર વિશ્વાસ—



## ભારતની સૌથી મોટી અને નિષ્ણાત હાર્ટ કેર ટીમમાંની એક

પ્રથમ હરોળ ડાબે થી જમણે : ડૉ. વિપુલ આહિર | ધન્યતા ધોળકિયા | ડૉ. ચિંતન શેઠ | ડૉ. નિરેન ભાવસાર | ડૉ. નિકુંજ વ્યાસ | ડૉ. શૌનક શાહ | ડૉ. ધીરેન શાહ
ડૉ. ધવલ નાયક | ડૉ. અમિત ચંદન | ડૉ. પ્રણવ મોદી | ડૉ. કિશોર ગુપ્તા | ડૉ. હિરેન ધોળકિયા | ઉલ્હાસ પઢિયાર | આકાશ રાજાવત | ડૉ. ગુણવંત પટેલ

બીજી હરોળ ડાબે થી જમણે : ડૉ. તેજશ વી. પટેલ | ડૉ. સત્યા ગુપ્તા | ડૉ. ઉર્મિલ શાહ | ડૉ. અનિશ ચંદારાણા | ડૉ. કેયૂર પરીખ | ડૉ. મિલન ચગ
ડૉ. અજય નાઈક | ડૉ. હેમાંગ બક્ષી | ડૉ. હિરેન કેવડીયા | ડૉ. વિપુલ કપૂર | ડૉ. કશ્યપ શેઠ

### SBI પેન્શનર્સ એશોસિયેશન ના સભ્યો માટે ખાસ ઓપીડી ડિસ્કાઉન્ટ*

25%* ડિસ્કાઉન્ટ
કન્સલટેશન
(SBIના ચાર્જ પર)

20%* ડિસ્કાઉન્ટ
ડાયગ્નોસ્ટીક
(હોસ્પિટલના ચાર્જ પર)

10%* ડિસ્કાઉન્ટ
ફાર્મસી

ડિસ્કાઉન્ટ ઓફર ઓગસ્ટ ૩૧, ૨૦૨૩ સુધી માન્ય. | SBI નું ઓળખકાર્ડ સાથે લાવવું જરૂરી

**મૅરિંગો સિમ્સ હોસ્પિટલ**
ઓફ. સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060
Email : info@cims.org | www.cims.org

JCI (USA) NABH

**અપોઈન્ટમેન્ટ માટે ફોન**
**1800-309-9999**
TIME - 9:00 AM - 7:00 PM (MON TO SAT)


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો,
આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરોઃ 1800 11 2018 | અહીં મુલાકાત કરોઃ homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે
અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
| --- | --- | --- |
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦

એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ • સમયઃ સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ • ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિઃસ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ રક્ષા ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

**• એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ •**

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** ઓક્ટોબર માસની મંથલી મિટીંગ તા. ૧૮/૧૦/૨૦૨૩ બુધવારે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લોકલ હેડ ઓફિસ, ભદ્ર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે.

**સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ**

ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)

e-mail: gujpension@gmail.com • whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.

President - R. N. Choksi : 7600978838 (Vadodara)    General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**પેન્શનર્સ પ્રકાશ • વર્ષ - ૧૬ • અંક : ૯ • પ્રકાશન તા. ૨૬-૦૯-૨૦૨૩**

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri    Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :

• પ્રકાશન સ્થળ •

**એસબીઆઈ ઝોનલ ઓફિસ**

ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

 શિયાળામાં લોહી વહેતું રાખે એ માટે એક તાપણું જોઈએ અને લાગણી વહેતી રાખે એ માટે એક આપણું જોઈએ...